PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/કવા–૦૧/૧૮–૧૯/ 3350(5) તા. 02-04-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
દિપકભાઈ ડોલરરાય નિમાવત,
ગામ: બોખીરા
કે.કે.નગર, તુંબડા વિસ્તાર,
તા.જી. પોરબંદર
મો: ૯૯૦૪૧ ૯૭૩૪૨

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૩૧–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૪/કવા–૦૧/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી , પોરબંદર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ઉદ્યોગ નગર– પેટા વિભાગીય કચેરી, પોરબંદર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૦૪/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૦–૦૪–૧૮ | સ્થળ : જુનાગઢ |

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: દિપકભાઈ ડોલરરાય નિમાવત, ગામ: બોખીરા**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ઉર્ધોગ નગર– પેટા વિભાગીય કચેરી, પોરબંદર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી , પોરબંદર)**

**રજુઆત કરનાર :સી.એમ.શાહ – નાયબ ઈજનેર પેટા વિભાગીય કચેરી બગવદર**

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧** | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર જણાવે છે કે,તેઓ પોરબંદર તાલુકાના બોખીરા ગામે ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૫૯૧૮/૦૩૬૮૮/૧ મીટર નં– ૧૬૯૬૪૩ થી ધરાવે છે. તા.૧૦–૧૧–૧૭ ના રોજ તેઓના જોડાણ નુ મીટર – તેઓની અરજી અન્વયે બદલવામા આવેલ હતુ. તા.૧૪–૦૨–૧૮ ના રોજ તેઓને ૩૩,૦૦૦/– નુ બીલ અને તેમાથી ૧૮૫૦ ના ૦૩ બીલો બાદ કરી અને અંદાજે રૂ.૨૫,૦૦૦/– ઉપર નુ બીલ ભરપાઈ કરવા જણાવેલ હતુ. તેઓએ મીટર ના લેબોરેટરી ચેકીગ ની માંગણી કરતા – સબંઘક કચેરી દ્રારા જણાવાયેલ કે – તેઓનુ મીટર ખોવાઈ ગયેલ છે. સબંઘક કચેરી દ્રારા દબાણ થતા – તેઓએ રૂ.૯,૯૦૦/– ભરપાઈ કરેલ છે. ત્યારબાદ, તા.૩૦–૦૩–૧૮ ના રોજ થી – તેઓના ઘરવપરાશ વીજજોડાણ નુ મીટર કાઢી ગયેલ છે. આમ, તેઓએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, તા.૧૩–૦૪–૧૮ ના રોજ અરજદાર ને શહેર વિભાગીય કચેરી , પોરબંદર મા ફરીયાદ ના નિરાકરણ માટે રૂબરૂ બોલાવેલ – જે અન્વયે – વિગતવાર રોજકામ મુજબ – અરજદાર ની હાજરી મા – અરજદાર નુ સવાલવાળુ મીટર ના રીડીગ તેમજ એકયુરેસી ટેસ્ટ કરી આપેલ, અને એમ.આર.આઈ. અહેવાલ મુજબ મીટર ના રેકર્ડ થયેલ રીડીગ અરજદાર ને સમજાવેલ, તે મુજબ – અરજદાર ને અપાયેલ રીડીગ મુજબ નુ વીજબીલ યોગ્ય છે, જે અરજદાર ને સંતોષપૂર્ણ કામગીરી લાગતા – અરજદારે રાજીખુશી થી, સદર વિષય સબંઘક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૧૩–૦૪–૧૮ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ – અરજદાર ના તા.૧૩–૦૪–૧૮ નો લેખીત સંમતીપત્ર હેઠળ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. આમ, અરજદાર ની અરજી દફતરે કરવાનો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.-૪ :**

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ના તા.૧૩–૦૪–૧૮ નો લેખીત સંમતીપત્ર હેઠળ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ હોય અરજદાર ની અરજી દફતરે કરવામા આવે છે. |

ગેરહાજર

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક **હોય તો,** સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.